પરિપત્ર ક્રમાંક : મશબ/ જી–૨૧૭૧ થી ૨૬૧
ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર ૧૦, બી સચિવાલય પાસે,
ગાંધીનગર તા. ૨–૧–૮૧

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય

**વિષય : શાળામાં પ્રાર્થના સભાના સમય બાબત..**

જયભારત સહ ઉપરોકત વિષયના સંદર્ભમાં કેટલીક શાળાઓ તરફથી બોર્ડનુ માર્ગદર્શન માંગવામાં આવેલ હતુ. ઉપરોકત બાબતમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો ૧૯૭૪ ના વિનિમયો ૨૮(૩) ને લક્ષમાં રાખી તા. ૨૮–૧૦–૮૦ ના રોજ મળેલી બોર્ડ કારોબારી સમિતિએ તેના ઠરાવ નં. ૪ થી નીચે મુજબ ઠરાવેલ છે.

ઠરાવ નં.૪ પ્રાર્થના સભાનો સમય શાળાના સમય પત્રકમાં દર્શાવવો જોઈએ. પ્રાર્થનાનો સમય જેટલો ૧૦ મિનિટ વધુ ન હોવો જોઈએ અને આ સમય શિક્ષકોના કાર્યભારમાં ગણવો જોઈએ.

ઉપરોકત બાબતની જાણ આપના જિલ્લાની તમામ શાળાઓના વડાઓને તાત્કાલિક કરવા વિનંતી છે.

**(સહી)**

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

# બિનસરકારી માઘ્યમિક/ ઉચ્ચતર માઘ્યમિક શાળાઓમાં સરાસરી હાજરીમાં પડતી તૂટ માફ કરવા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : બમશ–૧૧૯૫–૧૮૮૫–ગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫–૮–૧૯૯૫

**વંચાણે લીધો:** ૧. શિક્ષણ વિભાગનો તા. ૫–૧–૮૮ નો ઠરાવ ક્રમાંક :

બમશ–૧૧૮૬–૫૫૯–ગ

**ઠરાવ :–**

આમુખમાં દર્શાવેલ ઠરાવથી રાજયની બિનસરકારી માઘ્યમિક// ઉચ્ચતર માઘ્યમિક શાળાઓના કિસ્સામાં ૧૦ (દસ) સુધીની સરેરાશ હાજરીની તૂટ માફ કરવાની સતા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીને આપવામાં આવેલ છે. તાજેતરમાં ખોટા વિદ્યાર્થીઓ અને ખોટા વર્ગો ઝુંબેશ આવા વિદ્યાર્થીઓની સંખ્યા અંગે ગ્રાન્ટપાત્રના માટે ઓછામાં ઓછી સરાસરી હાજરી અંગે પ્રશ્ન ઉપસ્થિત થાય અને તૂટ તડે તો પૂરતા રજિસ્ટર્ડ વિદ્યાર્થીઓ ઉપલબ્ધ ન હોય તો પણ કમિશ્નરની તેની કક્ષાએ પૂરતી ચકાસણી કરી વર્ગો ઘટતાં ઘટતાં જે છેલ્લો વર્ગ રહે તે વર્ગમાં ૧૦(દસ) વિદ્યાર્થીઓ સુધીની તૂટ માફ કરવાની સતા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની રહેશે એટલે અંશે ગ્રાન્ટ ઈન એઈડ કોડનો નિયમ– ૯૬ સુધારેલ ગણવાનો રહેશે.

ગુજરાતમાં રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, અશ્વિન ભાવસાર
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ.

## વહીવટી કર્મચારીઓના મહેકમની સંખ્યા નકકી કરવા બાબત.

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ
યાદી ક્રમાંક : બમશ–૧૩૯૮/૫૦૦/–ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૯–૩–૯૮

**યાદી :** ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિના હોદેદારો તરફથી રજુઆત કરવામાં આવેલ છે કે રાજયની માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક શાળાઓમાં વહીવટી કર્મચારીઓનુ મહેકમ વિદ્યાર્થીઓની સંખ્યામાં નજીવા ફેરફાર માટે પણ વહીવટી કર્મચારીઓનો મહેકમ વિદ્યાર્થીઓની સંખ્યામા નજીવા ફેરફાર માટે પણ વહીવટી કર્મચારીઓનો સંખ્યાબળમાં ફેરફાર થાય છે અને તેને કારણે ઘણી મુશ્કેલીઓ ઉભી થાય છે. આ પ્રશ્નના તલસ્પર્શી અભ્યાસ માટે કમિટીની રચના કરે છે.

જે ટુંકમાં અહેવાલ આપનાર છે. જેના આધારે સરકાર નિર્ણય લેશે, તે દરમ્યાન વહીવટી કર્મચારીઓની સંખ્યામાં ૧૦ ટકા સુધની વધ ઘટ થાય તો ફેરફાર ઘ્યાનમાં લીધા સિવાય ચાલુ રાખવું તેવુ આથી નકકી કરવામાં આવે છે. આ હુકમોનો અમલ તાત્કાલિક અસરથી કરવા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીએ સુચના આપવામાં આવે છે.

આ હુકમો અધિક મુખ્ય સચીવશ્રી, નાણાંની તા. ૬–૩–૯૮ ના રોજ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રનિા હુકમથી અને તેમના નામે,

**બી.કે. ભટટ, (ઉપસચિવ)**
શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર

........................................................................................

## વર્ગદીઠ અનુદાન બાબતે સ્પષ્ટતા.

કમિશ્નર ઓફ સ્કૂલ્સની કચેરી, ક્રમાંક : પેન–૩–૯૯/૨૦૦૦
ગાંધીનગર, તા. ૨૮–૩–૨૦૦૦

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (તમામ)

**સંદર્ભ :** ગુજરાત રાજય માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક શાળા સંચાલક મંડળની તા. ૨૨–૧–૨૦૦૦ ની રજૂઆત ના અનુસંધાને.

ઉપરોકત વિષય બાબતે સંદર્ભના પતરથી થયેલ રજૂઆતના અનુસંધાને તા. ૭–૩–૯૯ ના રોજ માનનીય શિક્ષણમંત્રીના અધ્યક્ષસ્થાને એક મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં શિક્ષણ વિભાગના તા. ૨–૭–૯૯ ના ઠરાવ : બમશ–૧૧૯૯/૭૪૧ (૩)–ગ, ઠરાવ્યા મુજબ ૧ થી ૫ વર્ગ સુધીની શાળા માટે વર્ગદીઠ માસિક રૂા. ૧૮૦૦ (૨) ૮ થી ૩૦ વર્ગ સુધીન શાળા માટે વર્ગદીઠ માસિક રૂા. ૧૫૦૦ અને (૩) ૩૧ થી વધારે વર્ગની શાળામાં વર્ગદીઠ માસિક રૂ. ૧૦૦૦ નુ અનુદાન આપવાની જોગવાઈ છે.

ઉપરોકત બાબતે સ્પષ્ટતા કરતાં જણાવવાનું કે, દા.ત. એક શાળામાં કુલ છ વર્ગો હોય તો ૧ થી ૫ વર્ગો સુધી વર્ગદીઠ માસિક રૂ. ૧૮૦૦ અને બાકીના એક વર્ગ દીઠ માટે માસિક રૂ.૧૫૦૦ અનુદાન આપવાપાત્ર થાય છે.

(૨) ૧ થી ૩૫ વર્ગો હોય તો ૧ થી ૫ વર્ગ સુધી રૂ. ૧૮૦૦ લેખે રૂા. ૯૦૦૦ થાય : ૬ થી ૩૦ વર્ગો સધી વર્ગદીઠ રૂા. ૧૫૦૦ લેખે રૂા.૩૭,૫૦૦ અને ૩૦ વર્ગથી ઉપરના વર્ગો માટે વર્ગદીઠ રૂા.૧૦૦૦ લેખે રૂ. ૫૦૦૦ મળવાપાત્ર થાય. આમ ૧ થી ૩૫ વર્ગો ધરાવતી શાળાને માસિક રૂા. ૫૧,૫૦૦ ની ગ્રાન્ટ ચૂકવવાપાત્ર થાય છે. વધુમાં ગ્રાન્ટની નવી નિતિને ધ્યાનમાં લઈ ગ્રાન્ટ–ઈન–એઈડની કલમ ૯૦(૧) પ્રમાણે ગ્રાન્ટના હપ્તા ચૂકવવા કાર્યવાહી કરવી.

**સહી, જી.જે. રાવલ**

નાયબ શિક્ષણ નિયામક, ગાંધીનગર

.............................................................................................

**ક્રમાંક : મઉમશબ/ સંશોધન/ બઢતી/૨૦૨૫૦, ગુજરાત મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ**
**સેકટર–૧૦ બી, સચિવાલય પાસે, ગાંધીનગર, તા.૨૪–૫–૨૦૦૪**

પ્રતિ,
જિલ્લ શિક્ષણાધિકારીશ્રી (તમામ)ગુજરાત રાજય

**વિષય : ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ (ધોરણ–૧૧) માં શૈક્ષણિક સત્ર જૂન–૨૦૦૪ થી પ્રવેશ આપવા સંબંધી સુધારેલ નિયમો પ્રમાણે અમલ કરવા બાબત.**

**સંદર્ભ :** ૧. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક ઉમશ–૧૧૯૭–૧૨૦૩–ગ–૧ તા.૧૦–૬–૧૯૭૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનો પત્ર ક્રમાંક પ્રવેશ–૯૭–૯૮–૨૩૯૨ બોર્ડની કારોબારી સમિતિનો ઠરાવ ક્રમાંકઃ ૧૩૫/૨૦૦૪ તા. ૨૮–૪–૨૦૦૪

ઉપરોકત વિષય/ સંદર્ભ અન્વયે જયભારત સાથે જણાવવાનું કે હાલમાં રાજયની સરકારી તેમજ સહાયક અનુદાન મેળવતી બિન સરકારી માઘ્યમિક શાળાઓમાં ઘો.૧૧ ના વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગે શાળઓએ અનુસરવાની કાર્યવાહી અંગેના નિયમો મુકરર કરવામાં આવ્યા છે. જેમાં માત્ર ગણિત–વિજ્ઞાનના ગુણને ઘ્યાનમાં લઈને પ્રવેશ યાદી બનાવવામાં આવતી હતી પરંતુ તેને કારણે જાણે–અજાણે વિજ્ઞાનપ્રવાહમાં સારા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવામાં મુશ્કેલી આવતી હતી. તથા ગણિત–વિજ્ઞાન સિવાયના ઘો.૧૦ ના વિષયોનું મહત્વ જળવાતુ ન હતુ તેથી ગુજરાત માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક શિક્ષણ બોર્ડ એક સમિતિની રચના કરી હતી જે સમિતિએ તેનો અહેવાલ બોર્ડની કચેરીને સુપ્રત કરેલ હતો તે અહેવાલને બોર્ડની ઉપરોકત તારીખે મળેલ કારોબારી સમિતિમાં રજુ કરવામાં આવેલ હતો. ઉકત વિચારણાના અંત કારોબારી સમિતિએ ઠરાવ્યા મુજબ અને ૨૦૦૪–૨૦૦૫ થી નવો અભ્યાસક્રમ અમલી બને છે તે હકીકતને ઘ્યાનમાં લઈ નવા સત્રે ઘો.૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ આપવા માટેની વિધિ સમિતિના અહેવાલ મુજબ નીચે મુજબ મુકરર કરવામાં આવે છે. (એટલે કે માર્ચ–૨૦૦૪ માં લેવાયેલ ઘો.૧૦ ની પરીક્ષાનુ પરિણામ આપ્યા પછી ધો.૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ આપવાનો રહેશે.) જેની નોંધ લેવા જણાવવામાં આવે છે.

૧. ઘો.૧૧ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ માટેની યાદી તૈયાર કરતી વખતે પાંચ મુખ્ય વિષયો (પ્રથમ ભાષા, ઘ્વિતીય ભાષા, ગણિત, વિજ્ઞાન, સમાજવિદ્યા) માં મેળવેલ ગુણને ઘ્યાનમાં લઈ પ્રવેશ યાદી (મેરીટ યાદી)બનાવવી.

૨. ઘો.૧૧ વિજ્ઞાન પ્રવાહના એક વર્ગ દીઠ નીચે પ્રમાણે વિદ્યાર્થી સંખ્યા રહેશે.

- પોતાની શાળાના ૪૦ વિઘાર્થીઓ
- શાળાના અનામત કક્ષાના વિદ્યાર્થીઓ પણ જો બિન અનામત (૪૦ વિદ્યાર્થીઓ) માટે ગોઠવેલ મેરીટમાં જો સમાતા હોય તો તે વિદ્યાર્થીઓ પણ પ્રવેશ મેળવી શકે.
- અન્ય શાળાના ૧૦ વિદ્યાર્થીઓ
- અનામત કક્ષાના ૧૬ વિદ્યાર્થીઓ

**કુલ : ૬૬ વિદ્યાર્થીઓ**

ગુજરાત હાઈકોર્ટ પોતાના ચુકાદામાં માત્ર વિદ્યાર્થીઓની ફાળવણી ઉપર પ્રમાણે જાળવવા જણાવેલ છે, માનવીય હાઈકોર્ટ કેટલા વિષયો લઈ મેરીટ બનાવવું તે અંગે કોઈ વાત કરેલ નથી. જે જાણ સારુ (સમિતિ)

(૩) પોતાની શાળાના ૪૦ વિદ્યાર્થીઓ (કવોટા પ્રમાણે) ન મળે તો ખાલી રહેતી જગ્યા અન્ય શાળાના વિદ્યાર્થી ધ્વારા ભરવા માટે અનામત પ્રવેશ શરૂ(૧૬ જગ્યાઓ ખાલી રાખી) તે પહેલા ઓપન કરી શકાશે.

(૪) બિન અનામત માટે ઓછામાં ઓછા ૫૦% અને અનામત કક્ષાના ઉમેદવાર માટે ઓછામાં ઓછા ૪૫% ગુણ હોવા જોઈએ તે જોગવાઈ રદ કરવામાં આવે છે.

(૫) જે ગામ કે શહેરમાં એક કરણાં વધુ વિજ્ઞાનપ્રવાહની શાળાઓ હોય તેવા ગામ કે શહેરમાં અનામત જગ્યાઓ માટે કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ મુજબ (મેરીટ) પ્રમાણે પ્રવેશ આપવો.

(૬) બીજી બધી બાબતોમાં પ્રવેશ વિધિના અગાઉના નીતિનિયમોનો અમલમાં રહેશે.

(૭) ધો.૧૦ ની પરીક્ષાનાં પરિણામ બહાર પડે તેની અગાઉ જે તે જિલ્લાના શિક્ષણાધિકારીશ્રી વિજ્ઞાન પ્રવેશ વિધિનો સંપૂર્ણ કાર્યક્રમ નકકી કરશે અને તેન પરિણામ પછી બહોળી પ્રસિધ્ધિ માટે જાહેર કરશે, જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓને માહિતી મળી શકે.

ઉપરોકત બાબતે (શૈક્ષણિક સત્ર જૂન–૨૦૦૪થી) આપના તાબા હેઠળની વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળાઓએ પ્રવેશ આપવાની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

**વી.બી. નાણાવટી, સચિવ.**

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

.......................................................................

## નિવૃતિ સમયે રજાઓનું રોકડ રૂપાંતર

(૧) શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને મળવાપાત્ર છે.

(૨) જમા અર્ધપગારી રજાની અર્ધી રજાઓ અને જમા પ્રાપ્ત રજાઓ બંન્ને મળી વધુમાં વધુ ૩૦૦ દિવસની રૂપાંતર મળવાપાત્ર છે.

(૩) બિનશૈક્ષણિક કર્મચારીઓને અર્ધપગારી રજાના રોકડ રૂપાંતરનો લાભ મળવાપાત્ર નથી. પ્રાપ્ત રજા ના રોકડ રૂપાંતરનો લાભ મળવાપાત્ર છે.

(૪) વેકેશન ડિપાર્ટમેન્ટમાંથી નોનવેકેશન ડિપાર્ટમેન્ટમાંથી નિયુકિત મેળવનાર આચાર્યને વેકેશ ડિપાર્ટમેન્ટમાં હોય તે સમયની જમા અર્ધપગારી રજાના અર્ધા ભાગની રજાઓ તથા બધી જ જમા પ્રાપ્ત રજાઓનુ ૩૦૦ દિવસની મર્યાદામાં રૂપાંતર મળવાપાત્ર છે.

(૫) રાજીનામાના કિસ્સામાં પ્રાપ્ત રજા તથા અર્ધા ભાગ કુલ રજાઓનું પચાસ ટકા વધુમાં વધુ ૧૫૦ દિવસોનુ રૂપાંતર મળવાપાત્ર છે.

**વયનિવૃતિ :** પુનઃ નિયુકિતની મુદત બાદ, સ્વૈચ્છિક નિવૃતિ, અપરિપકવ નિવૃતિ, સેવાનો અંત, ચાલુ સેવા દરમિયાન અવસાન, અશકતતા પેન્શનના કિસ્સાઓ/ ઘટનાઓ આ લાભ મળવાપાત્ર છે. (નાણાં વિભાગના ઠરાવ :

એલવીઈ–૧૦૯૦(ડી–૩૦)–૫,તા.૨૬–૩–૯૧)

.................................................................................

## ધોરણ–૧૦, ૧૧ અને ૧૨ સંબંધમાં શૈક્ષણિક બાબતો માટે સામાન્ય ભવિષ્યનિધિમાંથી પેશગી/ અંશતઃ આખરી ઉપાડ મંજુર કરવા અંગે.

ગુજરાત સરકાર, નાણાં વિભાગ,
ઠરાવ ક્રમાંક : પીએફઆર–૧૦૯૧–૧૨૧૨–ચ
સચિવાલય, ગાંધીનગર, તા.૨૮–૨–૦૫

**વંચાણે લીધા** :(૧)નાણાં વિભાગનો ઠરાવક્રમાંક:પીએફઆર–૧૦૯૧–૧૨૨૨–ચ,તા.૩૦–૧–૯૨

(૨)નાણાં વિભાગનો ઠરાવક્રમાંકઃ પીએફઆર–૧૦૯૧–૭૩૭–(૯૫)–ઘ તા.૫–૧–૯૬

(૩)નાણાં વિભાગનો ઠરાવક્રમાંક:પીએફઆર–૧૦૯૯–૫૩૦–ચ,તા.૨૧–૯–૯૯

પ્રસ્તાવનામાં નિર્દેશિત ઠરાવોની ધોરણ–૧૦, ધોરણ–૧૨ ના અભ્યાસક્રમો માટે કર્મચારીઓને તેમના સામાન્ય ભવિષ્યનિધિમાંથી અનુક્રમે રૂ. ૭,૦૦૦, રૂ.૧૦,૦૦૦ અને રૂ.૧૫,૦૦૦ ની મર્યાદામાં અંશનઃ આખરી ઉપાડ/ પેશગી મળવાપાત્ર છે.

૨. પ્રર્વતમાન સમયમાં અભ્યાસ માટે ફી સહિત અન્ય આનુષંગિક ખર્ચાઓમાં થયેલ વધારાને અનુલક્ષીને કર્મચારી મહામંડળોની રજુઆતોના અનુસંધાને હાલ મળવાપાત્ર અંશતઃ આખરી ઉપાડમાં વધારો કરવાનું સરકારની વિચારણા હેઠળસ હતું. પુખ્ત વિચારણાના અંતે સરકારે નીચે મુજબ નિર્ણય કરેલ છે.

પેશગી : હાલ વિવિધ હેતુઓ માટે ૩ મહિનાનો પગાર અથવા ફંડમાં જમા રકમની અડધી રકમ તે બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની પેશગી મળવાપાત્ર છે. ધોરણ–૧૦, ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં સંતાનોના વાલી કર્મચારીઓને આવી પેશગી મંજુર કરી શકાશે.

**અથવા** ધોરણ–૧૦, ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતાં સંતાનોના વાલી કર્મચારીઓને અનુક્રમે રૂ. ૨૦,૦૦૦ રૂ.૩૦,૦૦૦ અને રૂ. ૪૦,૦૦૦ ની મર્યાદામાં અંશતઃ આખરી ઉપાડ મંજુર કરી શકાશે.

૪. ઉપર મુજબ પેશગી અંશતઃ આખરી ઉપાડ સંબંધિત સક્ષમ અધિકારી, હાલના નિયમો અને બીજી શરતોને આધીન મંજૂર કરી શકશે.

૫. મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમોમાં હવે પછી જરૂરી સુધારા કરવામાં આવશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી, એચ.ડી. સેઈલર**

ઉપસચિવ, નાણા વિભાગ

........................................................................

## ધોરણ–૧૨ બાદ, ઉચ્ચ અભ્યાસ માટે સામાન્ય ભવિષ્ય નિધિમાંથી અંશતઃ આખરી ઉપાડ મંજુર કરવા અંગે.

ગુજરાત સરકાર, નાણાં વિભાગ,
ઠરાવ ક્રમાંક : પીએફઆર–૧૦૨૦૦૪–૭૨૩–ચ,
સચિવાલય, ગાંધીનગર, તા.૯ માર્ચ ૨૦૦૫

**સંદર્ભ** : નાણાં વિભાગનો તા.૨૧–૯–૯૯ નો ઠરાવ ક્રમાંક : પીએફઆર–૧૦૯૯–૫૩૦–ચ.

**ઠરાવ :** ઉપર આમુખમાં દર્શાવેલી ઠરાવથી કર્મચારીના સંતાનોના ધોરણ–૧૦, ૧૧ અને ૧૨ ના શૈક્ષણિક અભ્યાસ માટે તેમના સામાન્ય ભવિષ્ય નિધિમાંથી અનુક્રમે રૂ.૭,૦૦૦, રૂ. ૧૦,૦૦૦ અને રૂ. ૧૫,૦૦૦ ની મર્યાદામાં અંશતઃ આખરી ઉપાડ પેશગી મંજુર કરવાનુ ઠરાવવામાં આવેલ છે.

૨. પરંતુ સરકારી કર્મચારીઓના બાળકોના ધોરણ–૧૨ પછીના ઉચ્ચ અભ્યાસ માટે મોટી રકમની ફી તેમજ અન્ય આનુસંગિક ખર્ચામાં થયેલ વધારાને કારણે પડતી આર્થિક મુશ્કેલીને કારણે કર્મચારી મંડળોની રજુઆતો ધ્યાને લઈ આવા ઉચ્ચ અભ્યાસ માટે, મળવાપાત્ર અંશતઃ આખરી ઉપાડમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણામાં હતી.

૩. મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમોના નિયમ–૧૫(ક) (૨) ની જોગવાઈ અનુસાર ભારતમાં હાઈસ્કુલ પછીના કક્ષાના કોઈપણ તબીબી, ઈજનેરી અથવા ટેકનીકલ અને ઉકત નિયમની છઠી અનુસૂચિ ના (નિર્દિષ્ટ) તદવિદ્ધ તમામ અભ્યાસક્રમ માટે નિયમમાં નિર્દિષ્ટ ૧૫ અથવા ૧૦ વર્ષની સેવા બજાવેલ હોય તેમને અંશતઃ આખરી ઉપાડનો લાભ મળવાપાત્ર થાય છે. ઉકત નિયમોના નિયમ ૧૫(ખ) (૧) માંની જોગવાઈ મુજબ બચતદારનો દરજજો તેમજ તેમના ખાતે જમા રકમ લક્ષમાં લઈ, ઉપાડ માટેની મર્યાદા થી વધુ, ૩/૪ ભાગ સુધીની રકમના ઉપાડની મંજૂરી આપવાની જોગવાઈ છે.

આ અંગે સરકારશ્રીએ પુખ્ત વિચારણાને અંતે ઠરાવેલ છે કે કર્મચારીએ બજાવેલ સેવાના વર્ગો ધ્યાને ન લેતા કર્મચારી તેમના સંતાનની ધોરણ–૧૨ ની માર્કશીટ રજુ કરે તો તે અંગેની પુરેપુરી ચકાસણી કરી તેમને સામાન્ય ભવિષ્યનિધિ ખાતામાંથી રૂ. ૧,૫૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર) અથવા જમા ખાતામાં રકમના ૭૫ ટકા રકમ બેમાંથી જે ઓછી હોય તે રકમ અંશતઃ આખરી ઉપાડ તરીકે મંજૂર કરી શકાશે.

૪. આ ઉપાડ માટેનો હુકમનો અમલ તા.૧–૪–૨૦૦૫ થી કરવાનો રહેશે.

૫. આ અંગે મુંબઈ જનરલ પ્રોવિડન્ટ ફંડ નિયમોમાં જરૂરી સુધારો કરવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**સહી, એચ.ડી. સેઈલર**

ઉપસચિવ, નાણા વિભાગ

.............................................................................

## ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન પ્રવાહમાંથી સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવવા અંગે.

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ક્રમાંકઃ મઉમશબ/સંશોધન/૨૬૨૫૦
સેકટર ૧૦ બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર, તા.૧૫–૬–૨૦૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

**વિષય : ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન પ્રવાહમાંથી સામાન્ય પ્રવાહમાં પ્રવેશ મેળવવા બાબતે.**

**સંદર્ભઃ** (૧) બોર્ડની તા. ૭–૬–૨૦૦૫ ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિનો ઠરાવ : ૮–૨૦૦૫.

ઉપરોકત વિષયના અનુસંધાને શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : ઉમશ–૧૧૨૦૦૨–૧૩૭૧–ગ– ૧ અને ઠરાવક્રમાંક : ઉમશ–૧૧૨૦૦૪–૩૨૫–ગ–૧, તા.૨૫–૫–૨૦૦૫ ના અન્વયે પ્રવાહ બદલવા અંગે દ્વિધા હતી તે અન્વયે સરકારશ્રી સાથે પત્રવ્યવહાર કરતાં તા.૧૧–૧૦–૨૦૦૪ ના પત્ર ક્રમાંક : ઉમશ–૧૧૨૦૦૪–૩૨૫૦ગ–૧ થી સ્પષ્ટતા થવા મુજબ.

જુન–૨૦૦૪ થી વિજ્ઞાન પ્રવાહ સ્વીકારનાર પરીક્ષાર્થી ધોરણ–૧૧ વિજ્ઞાન પ્રવાહમાં પાસ થયા પછી અથવા ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપ્યા પછી નાપાસ થાય તો તે પરીક્ષાર્થી ઈચ્છે તો

ધોરણ–૧૨ ના સામાન્ય પ્રવાહમાં નિયમિત પરીક્ષાર્થી તરીકે પ્રવેશ મેળવી શકશે. આ અંગેની જાણ આપના તાબા હેઠળની તમામ ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહની શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

**સહી વી.બી. નાણાંવટી**
સચિવ, ગુજરાત મા. અને ઉચ્ચ મા. શિક્ષણ બોર્ડ

..............................................................................

## વિજ્ઞાન પ્રવાહમાં ધોરણ–૧૧ માં એ–ગ્રુપ રાખેલ વિદ્યાર્થીને ધોરણ–૧૧ માં બી–ગ્રુપમાં પ્રવેશ અંગે.

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૬૨૫૦, સેકટર–૧૦ બી,
જૂના સચિવાલય પાસે, ગાંધીનગર, તા.૧૫–૬–૨૦૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

**વિષય : વિજ્ઞાન પ્રવાહ ધોરણ–૧૧ માં એ–ગ્રુપ રાખેલ વિદ્યાર્થીને ધોરણ–૧ માં બી–ગ્રુપમાં પ્રવેશ બાબતે.**
**સંદર્ભઃ** (૧) બોર્ડની તા. ૭–૬–૨૦૦૫ ના રોજ મળેલ શૈક્ષણિક ઠરાવ : ૧૩–૨૦૦૫

ઉપરોકત વિષય સંદર્ભના અનુસંધાને જય ભારત સાથે જણાવવાનું કે ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ વિજ્ઞાન પ્રવાહમાં એ–ગ્રુપ પસંદ કરનાર વિદ્યાર્થી ધોરણ–૧૧ પાસ થયા પછી જો તે બી–ગ્રુપ રાખવા ઈચ્છે તો ધોરણ–૧૨ માં રાખી શકતો નથી પરંતુ સદરહું વિદ્યાર્થી પુનઃ ધોરણ–૧૧ માં બી–ગ્રુપ રાખી પ્રવાહ બદલવા ઈચ્છે તો તેવા પરીક્ષાર્થીઓને ધોરણ–૧૧ માં પુનઃ પ્રવેશ આપી બી–ગ્રુપ રાખવાની છૂટ આપવામાં આવશે.

તે જ પ્રમાણે ધોરણ–૧૧ બી–ગ્રુપ પસંદ કરનાર પરીક્ષાર્થી ધોરણ–૧૧ પાસ થયા પછી ધોરણ–૧૨ એ–ગ્રુપ રાખવા ઈચ્છે તો પ્રવર્તમાન નિયમાનુસર રાખી શકતો નથી. પરંતુ પુનઃ ધોરણ–૧૧ માં એ–ગ્રુપ રાખી પ્રવાહ બદલવા ઈચ્છે તો તેવા પરીક્ષાર્થીઓને ધોરણ–૧૧ માં પુનઃ પ્રવેશ આપી એ–ગ્રુપ રાખવાની છૂટ આપવાનો નિર્ણય બોર્ડની શૈક્ષણિક સમિતિની બેઠકમાં અધ્યક્ષસ્થાનેથી રજૂ થયેલ બાબતમાં કરવામાં આવેલ છે. તેની જાણ આપના તાબા હેઠળની તમામ ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાનપ્રવાહ ધરાવતી શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

**સહી, બી.વી. નાણાવટી**

સચિવ, ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોડ

# **ધોરણ–૧૧ સામાન્ય પ્રવાહ પાસ થયેલ વિદ્યાર્થી પુનઃ ધોરણ–૧૧ વિજ્ઞાન પ્રવાહમાં બેસી શકે તે માટે સ્પષ્ટતા.**

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૬૨૫૦, સેકટર–૧૦ બી,
જૂના સચિવાલય પાસે, ગાંધીનગર, તા.૧૫–૬–૨૦૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

**વિષય : ધોરણ–૧૧ સામાન્ય પ્રવાહ પાસ થયેલ વિદ્યાર્થી પુનઃ ધોરણ–૧૧ વિજ્ઞાનપ્રવાહ માં બેસી શકે તે માટે સ્પષ્ટતા.**

**સંદર્ભઃ** (૧) બોર્ડની તા. ૭–૬–૨૦૦૫ ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિનો ઠરાવ : ૧૩–૨૦૦૫

ઉપરોકત વિષય સંદર્ભના અનુસંધાને આજ્ઞાનુસાર જણાવવાનું કે રાજયની ઘણી બધી શાળામાંથી આ બાબતે સ્પષ્ટતા માંગતા પત્રો. ફોન આવે છે તેથી તા. ૭–૬–૨૦૦૫ ના રોજ મળેલ બોર્ડ શૈક્ષણિક સમિતિમાં આ બાબત અધ્યક્ષસ્થાનેથી રજૂ કરવામાં આવેલ હતી. પુખ્ત વિચારણાને અંતે નકકી કરવામાં આવ્યુ કે ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ જે પરીક્ષાર્થી ધોરણ–૧૧ સામાન્ય પ્રવાહ પાસ થયા પછી વિજ્ઞાન પ્રવાહમાં દાખલ થવા ઈચ્છતો હોય તો મજકૂર વિદ્યાર્થી પુનઃ ધોરણ–૧૧ વિજ્ઞાન પ્રવાહમાં નિયમિત પરીક્ષાર્થી તરીકે (ધોરણ–૧૧ સામાન્ય પ્રવાહનુ પરિણામ રદ કરવાની શરતે ) પ્રવેશ મેળવવા ઈચ્છે તો મેળવી શકશે તે બાબત મંજૂર કરવામાં આવી.

સદરહું બાબતની જાણ આપના તાબા હેઠળની સંબંધિત ઉચ્ચતર માધ્યમિક પ્રવાહની તમામ શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

**સહી, વી.બી. નાણાવટી**
સચિવ, ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ

# ધોરણ–૧૧, ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં તાસ ફાળવણી સંદર્ભે સ્પષ્ટતા અંગે.

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૬૨૫૦, સેકટર–૧૦ બી,
જૂના સચિવાલય પાસે, ગાંધીનગર, તા.૧૫–૬–૨૦૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

**વિષય : ધોરણ–૧૧,૧૨ વિજ્ઞાન પ્રવાહમાં તાસ ફાળવણી સંદર્ભે સ્પષ્ટતા બાબત.**

**સંદર્ભ:** (૧) બોડની તા. ૭–૬–૨૦૦૫ ના રોજ મળેલ શૈક્ષણિક સમિતિનો ઠરાવ : ૭–૨૦૦૫

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જય ભારત સાથે જણાવવાનું કે જૂન–૨૦૦૪ થી ધોરણ–૧૧ માં વિજ્ઞાનપ્રવાહ અને જૂન–૨૦૦૫ થી ધોરણ–૧૨ વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓ એ–ગ્રુપ, બી–ગ્રુપ અને એબી–ગ્રુપ પસંદ કરી અભ્યાસ કરે છે. પરિણામે વિષય તાસ ફાળવણી સંદર્ભ શૈક્ષણિક સમિતિમાં ઠરાવ્યા મુજબ વિજ્ઞાનપ્રવાહ ધરાવતી શાળાઓએ નીચે મુજબની તાસ ફાળવણી શૈક્ષણિક સત્ર–૨૦૦૫ થી ધ્વારા કરવાની રહેશે. :

| | વિષય | એ–ગ્રુપ માટે તાસ ફાળવણી | બી–ગ્રુપ માટે તાસ ફાળવણી |
|---|---|---|---|
| (૧) | પ્રથમ ભાષા | ૦૫ | ૦૫ |
| (૨) | ધ્વિતીય ભાષા | | |
| (૩) | ગણિત | ૧૧ | –– |
| (૪) | જીવ વિજ્ઞાન (સૈધ્ધાંતિક + પ્રાયોગિક) | –– | ૧૧(૯ + ૨) |
| (૫) | રસાયણ વિજ્ઞાન (સૈધ્ધાંતિક + પ્રાયોગિક) | ૧૧ (૯ + ૨) | ૧૧ (૯ + ૨) |
| (૬) | ભૌતિક વિજ્ઞાન (સૈધ્ધાંતિક + પ્રાયોગિક) | ૧૧ (૯ + ૨) | ૧૧ (૯ + ૨) |
| (૭)<br>(૮) | સ્વાસ્થ્ય અને શારીરિક શિક્ષણ<br>ઉદ્યોગ | ૦૩ | ૦૩ |

**નોંધ :** (૧) ઉપરોકત દર્શાવેલ તાસ ફાળવણી સંદર્ભે પ્રાયોગિક પાસુ ધરાવતા વિષયો માટે શાળાના આચાર્ય શ્રી ઈચ્છે તો વિવેકાધીન રીતે એક તાસ પ્રાયોગિક પાસા માટે વધારી શકશે અને એક તાસ સૈધ્ધાંતિક પાસા માટે ઘટાડી શકાશે.

(૨) એ બી – ગ્રુપ ધરાવતા વિદ્યાર્થીઓ માટે શાળાના આચાર્યશ્રી એ જીવ વિજ્ઞાન કે ગણિત વિષય માટે વિવેકાધીન રીતે શૂન્ય તાસનુ આયોજન કરી શિક્ષણ કાર્ય કરવાનુ રહેશે.

(૩) ઉપરોકત દર્શાવેલ તાસ ફાળવણી માં શાળના આચાર્યશ્રી ઈચ્છે તો શિક્ષકના કાર્યભારને વિપરીત અસર ન થાય તે રીતે વિવેકાધીન જે તે વિષયની તાસ સંખ્યામાં એક તાસનો વધારો– ઘટાડો કરી શકાશે.

ઉપરોકત બાબતની જાણ આપના તાબા હેઠળની તમામ વિજ્ઞાન પ્રવાહ ધરાવતી શાળઓને કરવા જણાવવામાં આવે છે.

**સહી, વી.બી. નાણાવટી**

સચિવ, ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ

……………………………………………………………………………

## જૂન–૨૦૦૫ થી ધોરણ–૧૧ માં પ્રવેશ સંદર્ભે અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓએ સમકક્ષણા– પ્રમાણપત્ર મેળવવા અંગે.

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ,
ક્રમાંક : મઉમશબ/સંશોધન/૨૬૨૫૦/ ૧ થી ૨૬,
સેકટર–૧૦બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર, તા.૧૫–૬–૨૦૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજય.

**વિષય : જૂન–૨૦૦૫ થી ધોરણ–૧૧ માં પ્રવેશ સંદર્ભે અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓ એ સમકક્ષતા પ્રમાણપત્ર મેળવવા બાબત.**

સંદર્ભઃ (૧) બોડની કારોબારી સમિતિનો ઠરાવક્રમાંક : ૫૨૯, તા.૧૪–૬–૨૦૦૫

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે અન્ય રાજય કે અન્ય બોર્ડમાંથી ધોરણ–૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરીને ગુજરાત માઘ્યમિક અને ઉચ્ચતર માઘ્યમિક શિક્ષણ બોર્ડ રજિસ્ટર થયેલ શાળામાં ધોરણ–૧૧ માં પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ એ આ અગાઉ બોર્ડની ગાંધીનગર ખાતેની સમકક્ષતા પ્રમાણપત્ર મેળવવાનુ થતુ હતુ.

આથી બોર્ડની શૈક્ષણિક સમિતિ અને કારોબારી સમિતિ એ આ બાબતે પુખ્ત વિચારણાના અંતે વિદ્યાર્થીઓ અને શાળાઓની અનુકૂળતા અને વહીવટી સરળતા માટે સર્વાનુમતે ઠરાવ્યુ છે કે જુન–૨૦૦૫ થી ધોરણ–૧૧ માં પ્રવેશ દરખાસ્ત મેળવતા અન્ય રાજય કે અન્ય બોર્ડના

વિદ્યાર્થીઓએ સમકક્ષતા– પ્રમાણપત્ર મેળવવા માટે બોર્ડની કચેરીને દરખાસ્ત મેળવવા માટે બોર્ડની કચેરીને દરખાસ્ત કરવાની રહેતી નથી, પરંતુ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા ૧૦ અને ૧૨ પેટ્રન સ્વીકારેલ અન્ય બોર્ડની યાદી બિડાણે પ્રકાશિત કરવામાં આવેલ છે. તે યાદીમાં સમાવિષ્ટ બોર્ડમાંથી ધોરણ–૧૦ કે તેની સમકક્ષ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીને ધોરણ–૧૧ માં પ્રવેશ આપતી વખતે બોર્ડ પાસેથી સમકક્ષતા – પ્રમાણપત્ર મેળવવાની જરૂર રહેતી નથી. આથી શાળા આવા વિદ્યાર્થીઓને સીધેસીધો ધોરણ–૧૧ માં પ્રવેશ આપી શકશે, પરંતુ આ અંગેના પ્રમાણપત્રોની ખરાઈ સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારી કચેરીએથી કરાવી લેવાની રહેશે અને આવા પરીક્ષાર્થીઓની યાદી જરૂરી આધારો સાથે સંબંધિત શાળાના આચાર્યશ્રીએ આવેદનપત્રો સાથે બોર્ડની કચેરીમાં મોકલી આપવાના રહેશે. તે જ પ્રમાણે ખાનગી ઉમેદવાર તરીકે બોર્ડની જાહેર પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગતા વિદ્યાર્થીઓએ પણ અલાયદું સમકક્ષતા – પ્રમાણપત્ર બોર્ડની કચેરી એથી મેળવવાની જરૂર રહેતી નથી. (પરંતુ નિયમિત પરીક્ષાર્થીમાં કરેલ પ્રવિધિ કરવાની રહેશે.)

સમકક્ષતા – યાદી સિવાયના અન્ય બોર્ડમાંથી આવતા વિદ્યાર્થીઓને શાળા સીધેસીધો પ્રવેશ આપશે તો તેની સંપૂર્ણ જવાબદારી શાળાના આચાર્યની રહેશે, જેની નોંધ લેવી.

વિદેશથી આવતા વિદ્યાર્થીના કિસ્સામાં કામચલાઉ પ્રવેશ આપ્યા બાદ મોડામાં મોડા ૧૫ દિવસમાં નિયત અરજીપત્રક, નિયત ફી(રૂ. ૧૦૦) ની રાષ્ટ્રીયકૃત બેંકનો ડિમાન્ડ ડ્રાફટ (માઈકર), પાસપોર્ટ તથા પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો, નિયત નમુનાનું સોંગંધનામું વગેરે જરૂરી આધારો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીએ મોકલી સમકક્ષતા પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે.

આથી ઉપરોક્ત બાબતની જાણ આપના તાબા હેઠળની તમામ શાળાને કરવા જણાવવામાં આવે છે.

**નોંધ** : આ સાથેની યાદી સિવાયના બોર્ડ/ યુનિવર્સિટી સંસ્થામાંથી આવતા વિદ્યાર્થીઓ માટે આ બોર્ડનુ સમકક્ષણા પ્રમાણપત્ર સિવાય શાળા પ્રવેશ આપી શકશે નહી.

**સહી, વી.બી. નાણાવટી**
સચિવ, ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## નાગરિક અધિકાર પત્રના અમલીકરણ અંગેની સૂચનાઓ :

ગુજરાત સરકાર, પરિપત્ર ક્રમાંક : આરટીઆઈ/૧૦૨૦૦૭/૧૮/વસુતા પ્ર–૧,
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
તા.૧–૫–૨૦૦૭

**વંચાણે લીધો** : સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૮–૪–૨૦૦૦ નો પરિપત્ર ક્રમાંક : નઅપ/ ૧૧૯૯/૧૨૩૪/વસુતાપ્ર–૧

**પરિપત્ર :**

ગુજરાત સરકારે લોકોની ફરિયાદો / અરજીઓની ઝડપી નિકાલ કરવા અને વહીવટને પારદર્શક બનાવવાના હેતુથી અને લોકોની અરજીઓની નિશ્ચિત સમય– મર્યાદામાં નિકાલ કરવા તથા વિભાગો ધ્વારા તેનુ મોનીટરીંગ કરવાની સૂચનાઓ સરકારના સંદર્ભ હેઠળના પરિપત્ર અન્વયે બહાર પાડવામાં આવેલ છે, તેમ છતાં અરજદારને ફરિયાદનો અવકાશ ન રહે અને કામગીરી વધુ સારી રીતે તે સુનિશ્વિત કરવા ઉકત સૂચનાઓને નીચે મુજબ પુનઃ પરિપત્રિત કરવામાં આવે છે.

**(અ) રૂબરૂમાં મળેલ અરજીઓન અંગે :**

(૧) અરજદાર તરફથી રૂબરૂમાં આપવામાં આવેલ અરજીની ચકાસણી કરી તેમાં કયા બિડાણ/ પુરાવા જરૂરી છે, તેનુ માર્ગદર્શન આપવુ તથા ખૂટતી વિગતો ભરવા જણાવવું.

(૨) અરજદારની અરજી મળે કે તુરત જ તેની પહોંચ આપવી અને તેમાં નાગરિક અધિકાર પત્રમાં જે તે કામ બાબતે નકકી થયેલ સમય– મર્યાદાનો ઉલ્લેખ પણ તે પહોંચમાં કરવો.

(૩) અરજીનો નોંધ કમ્પ્યુટર પર તાત્કાલિક કરી તે અરજી સંબંધિત શાખા/ અધિકારીને પહોંચાડવી અને સંબંધિત શાખા અધિકારીએ આવી અરજી સમય– મર્યાદામાં નિકાલ થાય તે જોવુ.

**(બ) ટપાલ ધ્વારા મળેલ અરજીઓ અંગે :–**

(૧) અરજદારની ટપાલ ધ્વારા મળેલ અરજીઓ પણ નાગરિક અધિકારી સુવિધા કેન્દ્રમાં નોંધ કરાવી તેની અરજદારને પહોંચ પાઠવવી તથા આ પહોંચમાં પણ જે તે કામની સમય– મર્યાદા દર્શાવવી તથા અરજીનો નિશ્વિત કરેલ સમય– મયાર્દામાં નિકાલ થાય તે જોવુ.

(૨) આવી અરજીઓનો સમયસર નિકાલ થાય તેનું નિરીક્ષણ કરવું / સમીક્ષા હાથ ધરવી.

(૩) અરજીનુ ફોર્મ અને તેટલું સરળ બનાવવુ જેથી લોકોને તેમની અરજીઓ ભરવામાં કે ફોર્મ રજુ કરવામાં મુશ્કેલી ન પડે.

નાગરિક અધિકાર પત્રના અસરકારક અમલ માટે નાગરિક અધિકાર પત્ર શું છે, લોકોને વહીવટીતંત્ર પાસે કયા અધિકારો છે અને કઈ બાબત માટે કયા અધિકારી પાસે સતા છે તેની લોકોને જાણ થાય અને લોકોમાં જાગૃતિ આવે તેવા પગલાં લેવા આ માટે કાર્યક્રમો/ સેમિનાર ગોઠવવા.

(૪) સચિવાલયના વિભાગો તથા તે હેઠળના ખાતાના વડાની કચેરીઅ ધ્વારા નાગરિક અધિકાર પત્ર અન્વયે અસરકારક કામગીરી થાય તે માટે જરૂરી પડયે ક્ષેત્રીય કચેરીઓને યોગ્ય માર્ગદર્શન આપી. પડતર અરજીઓની સમીક્ષા કરી, નાગરિક અધિકાર પત્રની કામગીરી માટે વ્યવસ્થિત તંત્ર ગોઠવાય અને તેની અસરકારક અમલ થાય તે જોવું.

ઉપરોકત તમામ સૂચનાઓનો અસરકારક અમલ જિલ્લા કચેરીઓ તથા તાબાની કચેરીઓમાં સુચારૂ રીતે થાય તે જોવા સંબંધિત વિભાગોને જણાવવામાં આવે છે.

ગુજરાત રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નાયબ સચિવ, સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

..........................................................................

## પહોંચ

**............................કચેરી**

**અરજી આવક નંબર તારીખ...................કચેરી ઉપયોગ માટે :........................**

**શ્રી.....................................................................................**

**સરનામું :.........................................................................**

**તરફથી...............................................................................**

**અરજી આજરોજ મળેલ છે. જે અંગેની નિયમાનુસાર નિકાલ તા..............................**

**સુધી કરવામાં આવશે.**

**અરજદાર સ્વીકારનાર**
**અધિકારી/ કર્મચારીની સહી**

**નકલ :** સંબંધિત શાખા તરફ

..........................................................................

અરજદારને આપવા માટે

અરજી આવક નંબર ………………

શ્રી…………………………………………………………………………

સરનામું :…………………………………………………………………

તરફથી…………………………………અંગેની અરજી આજરોજ મળેલ છે.

જે અંગેનો નિયમોનુસાર નિકાલ તા……………………સુધી કરવામાં આવશે.

……………………કચેરી

અરજી સ્વીકારનાર

અધિકારી કર્મચારીની સહી

તારીખ :………………

## જ્ઞાન સાગર સંક્ષિપ્ત માહિતી

### ૧. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં સરાસરી હાજરી

| પ્રવાહ | શહેરી વિસ્તાર | ગ્રામ્ય વિસ્તાર |
|---|---|---|
| સામાન્ય પ્રવાહ | ૫૦ | ૩૫ |
| વિજ્ઞાન પ્રવાહ | ૪૫ | ૨૦ |
| ઉ.બુનિ. પ્રવાહ | ૩૫ | ૨૫ |
| વ્યવસાયલક્ષી પ્રવાહ | | |
| કૃષિ જૂથ | ૨૦ | ૨૦ |
| ટેકનીકલ જૂથ | ૨૦ | ૨૦ |
| ગૃહ વિજ્ઞાન જૂથ | ૨૦ | ૨૦ |
| વાણિજ્ય જૂથ | ૨૦ | ૨૦ |

નોંધ : ઉમશ–૧૧૯૧–૨૦૩૬–ગ–૧, સચિવાલય, ગાંધીનગર, તા. ૩૧–૧–૯૨

નોંધ : વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમાં વર્ગદીઠ–૨૫, વિદ્યાર્થીઓની નોંધણી કરવાની રહેશે. સરાસરી હાજરી સુધારેલ ગ્રાન્ટ ઈ.એઈડ નિયમ–૯૬(શિ.વિ.જી.એ.સી.–૧૦૭૫–૭૪૭–ગ, તા. ૧૮–૩–૭૬) મુજબ શહેર/ગ્રામ્ય વિસ્તારમાં અનુક્રમે ૩૫ ની સરાસરી હાજરીવાળા વર્ગ બંધ કરી શકાય નહિ અને શિક્ષકને છુટા કરી શકાય નહિ/ ફાજલ પાડી શકાય નહિ. સરાસરી જાળવતાં વર્ગો ગ્રાન્ટ પાત્ર ગણાય. (ટ્રિબ્યુનલ ચુકાદા)

## સરાસરી હાજરી અને ગ્રાન્ટ કાપ

**માધ્યમિક વિભાગ :–** સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૪–૫–૭૮ ના ઠરાવમાં ફકરા નં.૬ માં જણાવ્યા મુજબ બિન સરકારી માધ્યમિક શાળામાં વિદ્યાર્થીની સરાસરી હાજરી જુલાઈ, ઓગષ્ટ, સપ્ટેમ્બર માસની ગ્રાન્ટ હેતુ માટે ગણતરીમાં લેવાનુ ઠરાવેલ હતુ. તેને બદલે જે તે વર્ષની જુલાઈ થી એપ્રિલ એમ દસ માસની વિદ્યાર્થીની સરાસરી હાજરીની ગ્રાન્ટના હેતુ ગણતરીમાં લેવી જેની ટકાવારી નીચે મુજબ છે.

| **પ્રથમ પાંચ વર્ષ માટે** | **પાંચ વર્ષ પછી** |
|---|---|
| શહેરી વિસ્તાર–૩૦ | શહેરી વિસ્તાર–૩૫ |
| ગ્રામ્ય વિસ્તાર–૨૦ | ગ્રામ્ય વિસ્તાર–૨૩ |

### ગ્રાન્ટ કાપ

| **શહેરી વિસ્તાર** | **પ્રથમ પાંચ વર્ષ માટે** | **ગ્રામ્ય વિસ્તાર** | **પ્રથમ પાંચ વર્ષ માટે** |
|---|---|---|---|
| **૨૦ થી ૩૦** | **૧૦ ટકા** | **૧૫ થી ૨૦** | **૧૦ ટકા** |
| **૨૦ થી ૨૫** | **૨૦ ટકા** | **૧૨ થી ૧૫** | **૨૦ ટકા** |
| **૨૦ થી નીચે** | **૧૦૦ ટકા** | **૧૨ થી નીચે** | **૧૦૦ ટકા** |
| **પાંચ વર્ષ બાદ** | | | |
| ૨૦ થી ૩૫ | ૨૫ ટકા | ૧૯ થી ૨૩ | ૨૫ ટકા |
| ૨૮ થી ૨૯ | ૫૦ ટકા | ૧૮ થી ૧૯ | ૫૦ ટકા |

| | | | |
|---|---|---|---|
| ૨૭ થી ૨૮ | ૭૫ ટકા | ૧૭ થી ૧૮ | ૭૫ ટકા |
| ૨૭ થી નીચે | ૧૦૦ ટકા | ૧૭ થી નીચે | ૧૦૦ ટકા |

ઉપરોક્ત ગ્રાન્ટ કાપમાં જે તે વર્ગના શિક્ષકોને સમગ્ર પગાર ખર્ચ ગ્રાન્ટ માટે અસામાન્ય થાય ( શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક બમશ/ ગ, તા.૧૪–૧૨–૮૭) નોંધ : જાહેર પરીક્ષા–૨૦૦૩ ના નબળા પરિણામને કારણે હાજરી માટે તા. ૨૪–૯–૦૩ નો પરિપત્ર ધ્યાનમાં લેવો.

**નોંધ : એસ.એસ.સી./ એચ.એસ.સી. ના નબળા પરિણામને કારણે સરાસરી હાજરીની જોગવાઈ પરિપત્રમાં થઈ છે.**

..........................................................................................

## માર્ચ–૨૦૦૫ થી એસ.એસ.સી. અને એચ.એસ.સી. ના રિપિટર ઉમેદવારોને વિષય બદલવા અંગે.

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણબોર્ડ, ક્રમાંક : મઉમશબ/૧૧૨૦૦૫,
સેકટર–૧૦ બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર, તા.૩–૧–૨૦૦૫

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ(તમામ)
ગુજરાત રાજય.

**વિષય : માર્ચ–૨૦૦૫ થી એસ.એસ.સી. અને એચ.એસ.સી. ના રિપિટર ઉમેદવારોને વિષય બદલવા બાબત.**

**સંદર્ભ :** (૧) પરીક્ષા સમિતિ નો ઠરાવ ક્રમાંક : ૧૦, તા.૨૩–૧૨–૨૦૦૪

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, બોર્ડની જાહેર પરીક્ષા એસ.એસ.સી. અને એચ.એસ.સી. માં રિપિટર ઉમેદવાર તરીકે ઉપસ્થિત પરીક્ષાર્થીને અગાઉની બોર્ડની જાહેર પરીક્ષામાં જે વિષય / વિષયોમાં નાપાસ(અનુતીર્ણ) થયેલ હોય તે વિષય/ વિષયોમાં ફેરફાર કરવા અંગે શાળાના આચાર્યો, સમાજ અને શિક્ષણ વિદો ધ્વારા મળતી રજૂઆતોને લઈ પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ નિર્ણય લેવામાં આવેલ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા લેવાતી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને ઉચ્ચતર માધ્યમિક પરીક્ષાના રિપિટર ઉમેદવાર અગાઉના વર્ષની જાહેર પરીક્ષામાં પસંદ કરેલ વિષયો પૈકી જે વિષય/ વિષયોમાં નાપાસ (અનુતિર્ણ) થયેલ હોય તે વિષય/ વિષયો બદલી જે તે વિષયજૂથમાંથી નવો વિષય પસંદ કરવાની છૂટ માર્ચ–૨૦૦૫ થી જાહેર પરીક્ષાથી કરી શકશે.

કોઈપણ સંજોગોમાં રિપિટર ઉમેદવારની વિષયજૂથ સિવાયના અને જે વિષય પ્રાયોગિક પાસુ ધરાવતા હોય તેવા વિષયની પસંદગી ગ્રાહય રાખવમાં આવશે નહિ. રિપિટર ઉમેદવાર વિષય ફેરફાર કરી, પસંદ કરેલ નવા વિષયની તૈયારી જાતે કરવાની રહેશે. આ અંગેનુ માર્ગદર્શન સંબંધિત વિદ્યાર્થીને આપવાનું રહેશે.

**સહી, જી.એમ. રબારી**
પરીક્ષા સચિવ, ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ

........................................................................................

## વિષય : બિન સરકારી શાળાઓમાં આચાર્ય તરીકે નિમણૂક પામ્યા ત્યારે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૨૯–૧૦–૭૭ ના ઠરાવ અન્વયે તા.૫–૧–૬૫ નો લાભ આપવા બાબત.

ઉપરોકત વિષય અને સંદર્ભના અનુસંધાને જણાવવાનુ કે, બિનસરકારી શાળાઓમાં મદદનીશ શિક્ષકશ્રીઓએ આર.ઓ.પી. ૮૭ મા પગારધોરણ રૂ.૧૪૦૦–૨૬૦૦ ના સિલેકશન ગ્રેડ રૂા. ૧૬૪૦–૨૯૦૦ અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના મદદનીશ શિક્ષકનું પગાર ધોરણ રૂા.૧૬૪૦–૨૯૦૦ ગુજરાત મુલ્કી સેવા (પગારસુધારણા) નિયમો ૧૯૮૨ ના પગારધોરણ રૂા.૫૦૦૦–૮૦૦૦ અને પગાર ધોરણ રૂા.૫૫૦૦–૯૦૦૦ માં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય અને સરકારશ્રીના નાણાં વિભાગના તા.૫–૭–૯૧ અને તા.૧૬–૮–૯૪ ના ઠરાવ અનુસાર ઉચ્ચતર પગારધોરણ મેળવેલ ન હોય અથવા ઉચ્ચ પગારધોરણ મેળવેલ હોય પરંતુ આચાર્યવર્ગનુ પગાર ધોરણ રૂા.૬૫૦૦–૧૦૫૦૦ મેળવવાનો હોય તેવા શિક્ષકો પોતાની કે અન્ય શાળામાં આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમણૂક મેળવી હોય ત્યારે તેઓને સરકારીશ્રી શિક્ષણ વિભાગના તા.૨૯–૧૦–૭૭ ના ઠરાવની જોગવાઈ અનુસાર નાણાં વિભાગના તા.૫–૧–૬૫ ના ઠરાવ મુજબ લાભ મળવાપાત્ર થાય.

જે શિક્ષકોએ સરકારશ્રીના ૫–૭–૯૧ ના અને તા. ૧૬–૮–૯૪ ના ઠરાવ અનુસાર તા. ૯–૨–૩૧ યોજનાનો લાભ લઈ આચાર્યના સંવર્ગનું પગારધોરણ મેળવતા હોય અને પોતાની કે અન્ય શાળાઓમાં આચાર્ય તરીકે સીધી ભરતીથી નિમાય ત્યારે નાણાં વિભાગના તા.૫–૧–૬૫ ના ઠરાવનો બેવડો લાભ મળવાપાત્ર નથી તેથી નોંધ લેવા અને આપની કચેરી હસ્તકની શાળાઓને જાણ કરશો. આ સૂચના અનુસાર પગારનિર્ધારણની કાર્યવાહી કરશો.

સતાધિકારી સંયુકત શિક્ષણ નિયામક(હિસાબ) ગાંધીનગર : (નાણાં વિભાગના તા. ૫–૧–૬૫ ના ઠરાવના લાભ અંગે અવારનવાર નાણાં વિભાગના તા. ૫–૧–૬૫ ના ઠરાવનો લાભ મળવા અંગે કોઈ જુદા અર્થઘટનને અવકાશ નથી.

..........................................................................

## રજા પ્રવાસ રાહત બીલ બનાવવા દરમિયાન ધ્યાનમાં રાખવાની બાબતો...

ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક :મસભ/૧૦૨૦૦૭/૧૦૬૫/ચ, તા.૮–૬–૨૦૦૭ અન્વેની શરતોને આધિન નીચેની સૂચનાઓ પ્રમાણેની કાર્યવાહી થયાની ચકાસણી કરી બીલો મોકલવા આથી જણાવવામાં આવે છે.

- રજા પ્રવાસ રાહતના બિલો અને તે સાથે જોડવાના તમામ દસ્તાવેજી પુરાવા અસલ અને એક નકલમાં એમ બે નકલમાં જોડવા જણાવવામાં આવે છે (બે સેટ અલગ અલગ)
- રજા પ્રવાસ રાહતનુ ભથ્થા બીલ ગ્રીન બીલ સાથે, બીલમાં ડી.પી.નંબર કર્મચારીનુ નામ, એમ્પલોય નંબર, પ્રવાસની તારીખ, મળતો મૂળ પગાર (૫૦% ડીપી. વગર) અને નોકરીમાં જોડાયા તારીખ લખવાની રહેશે. બીલ સાથે બીટીઆર–૬૨ એડવાઈઝ નોટ ટ્રેઝરી સ્લીપ વગેરે જોડવાની જરૂર નથી.
- તા.૮–૬–૨૦૦૭ ના ઠરાવ અન્વયે મુસાફરી ફકત રેલ્વે માર્ગે તેમજ જે તે સરકારી પરિવહનની બસો ધ્વારા જ કરેલ પ્રવાસ માન્ય રહેશે. અન્યથા દાવો મળવાપાત્ર નથી. તેમજ ખાનગી વાહન ધ્વારા કરેલ મુસાફરીનો દાવો પણ મળવાપાત્ર નથી જે બાદ કરીને બીલ રજૂ કરવા.

- રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતની સવલતની અન્ય શરતો યથાવત હોઈ સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૫–૧૦–૬૬ ના ઠરાવ ક્રમાંકઃ મસભ–૨૦૬૬–૪૨૯૮–જ અન્વયેની જોગવાઈ તથા વખતોવખતની જોગવાઈ ધ્યાને લઈ બીલો ચકાસણી કરી રજૂ કરવા જણાવવામાં આવે છે.
- રજા પ્રવાસ રાહતના બીલ સાથે રેશનકાર્ડની પ્રમાણિત નકલ કુટુંબના સભ્યોની વિગત તથા દરેકની આવક અંગે સક્ષમ અધિકારીનો દાખલો અને પ્રવાસના પુરાવાના અધિકૃત આધારો બીલ સાથે જોડવાના રહેશે.
- પતિ/ પત્નીની યથા પ્રસંગે સરકારી/ અર્ધસરકારી, સહાય લેતી સંસ્થામાં નોકરી કરતાં હોય તેવા સંજોગોમાં સંબંધિત સંસ્થાના વડા પાસેથી રજા પ્રવાસ રાહતનો લાભ ન લીધો હોય તે અંગેનુ અને બ્લોક વર્ષમાં રજા પ્રવાસ રાહતનો લાભ મંજૂર કરેલ નથી અને મંજૂર કરશે નહી તે મુજબનુ પ્રમાનપત્ર મેળવા બીલ સાથે રજૂ કરવાનું રહેશે.
- નાણાં વિભાગના તા. ૨૩–૪–૮૬ ના ઠરાવ ક્રમાંક : એમ.એસ.બી. ૨૧૮૬/૨૯૪ જ મુજબ મુખ્ય સ્થળ સિવાયના અન્ય ત્રણ કે ચાર સ્થળની મુલાકાત લઈ શકાશે, પરંતુ ભાડુ સળંગ ૩૦૦૦ કિ.મી. ની મર્યાદામાં મળી શકશે. આવતા જતા ૬૦૦૦ કિ.મી. સીધી લીટીનો પ્રવાસ ગણતરીમાં લેવાનો રહેશે.
- નાણાં વિભાગના તા. ૧૫–૧૦–૬૬ ના ઠરાવના નિયત ૧૯ અન્વયે પ્રવાસ શરૂ કરતાં પહેલાં નિયંત્રણ અધિકારીને શાળના આચાર્યને લેખિત જાણ કરેલ હોવી જોઈએ. રજા પ્રવાસ રાહતનો લાભ આપવા અંગેના હુકમો શાળા ધ્વારા કરાયા પછી જ પ્રવાસ શરૂ કરવાનો હોવા છતાં ઘણા કિસ્સમાં શાળાની મંજૂરી અગાઉથી ન લેતાં પ્રાશ્વાત મંજુરી આપવામાં આવે છે. જે યોગ્ય નથી. તો શાળાની મંજૂરી મેળવ્યા પછી જ પ્રવાસ કરવા જણાવવામાં આવે છે. અગાઉથી મંજૂરીના આદેશ અગર કરેલ પ્રવાસ માન્ય રાખી શકાય નહી.
- રજા પ્રવાસ રાહ અંગેના દાવાના સમર્થનમાં રેલ્વે ધ્વારા મુસાફરી કરવાની છે. અલગ ટિકીટ રજૂ કરી રેલ્વે  ટિકિટ નંબર, ખરીદીનું સ્થળ અને તારીખ બીલમાં નોંધવાની રહેશે. (નાણાં વિભાગના તા.૨૮–૭–૮૧ ઠરાવ તેમજ બસ ધ્વારા મુસાફર કરવામાં આવી હોય તો એસ.ટી. સતાવાળાઓ તરફથી ઈસ્યુ કરવામાં આવેલ એસ.ટી.ની ટિકિટ અસલમાં રજૂ કરવાની રહે છે.)

- સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ તા. ૨૧–૫–૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક : મસભ/૧૦૨૦૦૮ ૧૦૬૫(૧–ચ),અન્વયે રજા પ્રવાસ વતન પ્રવાસ રાહતની સવલત મેળવવા કોઈપણ અધિકારી કર્મચારીનેશનલ તેમજ ખાનગી વિમાન ધ્વારા હવાઈ મુસાફર કરી શકશે. પરંતુ તેને જે વર્ગનુ રેલ્વે ભાડુ મળવાપાત્ર થતુ હશે અને તે હવાઈ પ્રવાસની ખરેખર ખર્ચ એ બે પૈકી જે ઓછુ હોય તેટલી જ રકમ મંજુર કરવાપાત્ર થશે. બીલ સાથે હવાઈ મુસાફરીની મૂળ ટિકીટ તેમજ બોર્ડીગ પાસ અસલ સામેલ રાખવા તેમજ અમદાવાદથી મુસાફરીના સ્થળનુ રેલ્વેના ભાડાનું પ્રમાણપત્ર રેલ્વે સતાવાળા પાસેથી મેળવી રજુ કરવું.
- તા.૧૫–૧૦–૬૬ ના ઠરાવ મુજબ અધિકારી અને કર્મચારીએ આપવાના પ્રમાણપત્રો રજૂ કરવા જેમાં રજા પ્રવાસ રાહતના બ્લોક વર્ષ સહિતના લાભની નોંધ સેવાપોથીમાં કર્યા અંગેના પુરાવા આધાર રજૂ કરવા.
- ટૂંકમાં, રજા પ્રવાસ રાહતના બિલો સાથે રજા પ્રવાસ રાહતની અરજી, મંજૂરી–હુકમ (આઉટ વર્ડ થયેલ) કુટુંબના સભ્યો તથા પ્રવાસની સંપૂર્ણ વિભાગ ભરેલ નિયત નમુનાના ફોર્મ, પ્રમાણપત્ર કર્મચારી અને શાળાના આચાર્ય/ સંચાલક ની સહી સાથે રજૂ કરવા.
- મુસાફરીની તારીખ કયાંથી કયા ગયા તેની સામેલ પ્રવાસના સ્થળના ભાડાની વિગભ સહિતની આવતા–જતાની તમામ મુસાફરીની તારીખ, સમય સાથેની વિગતો સહિતનુ કુલ સરવાળો કરી બીલ રજૂ કરવુ મુદત બહાર ના દાવા મંજૂરીને પાત્ર નથી.

૨૪૪૬–૨૪૬૫
જા.નં. ઉમબ/ઉમશ/૩૦૨/૯૦–૦૧/ક–૧/
સંયુકત શિક્ષણ નિયામકની કચેરી,
૧૦–૧–૨, ખાસ ઘટક, એલીસબ્રીજ
અમદાવાદ–૬, તા.૧૧–૬–૯૦

**પરિપત્ર :**

ઉચ્ચતર માધ્યમિક વિભાગ માટે નિમાયેલ શિક્ષકોને ઉચ્ચતર માધ્યમિકમાં જ કામગીરી સોંપવા બાબતે શિક્ષણ વિભાગના તા.૫–૨–૮૫ ના પત્રાંક : ખ/ઉમશ/૧૨૮૪/૧૧૮૧૬/ગ–૧ થી તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને જરૂરી સુચના આપવામાં આવેલ હોવા છતાં તેનું પાલન નહી થતુ હોવાનું આ કચેરીના ધ્યાન પર આવેલ છે. શાળાના શૈક્ષણિક તથા શાળાકીય વાતાવરણને તંદુરસ્ત રાખવા ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને માધ્યમિક વિભાગમાં કાર્ય ન સોંપાય તે જરૂરી છે. આથી તમામ જિલ્લ શિક્ષણાધિકારીશ્રીઓને પુનઃ સુચના આપવામાં આવે છે. કે, ઉ.મા. વિભાગના શિક્ષકોને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં જ તાસ, સ્વાધ્યાય, મુલ્યાંકન પ્રશ્નપત્રોની તપાસણી, પરીક્ષા, વર્ગશિક્ષણ, ઈત્યાદી કામગીરી સોંપવી તથા તેમના પગાર ધોરણ, કેડર તથા વિષયને અનુરૂપ ન હોય તેવી કામગીરી ફાળવવી નહિ. આજ બાબત ઉદ્યોગ શિક્ષકો, કો.ઓર્ડિનેટર મદદનીશ શિક્ષકો (પ્રયોગશાળા) તથા ફાજલ ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોના કિસ્સઓને લાગુ પડે છે જેની સર્વ જિલ્લ શિક્ષણાાધિકારીશ્રીએ નોંધ લઈ, ઘટતુ કરવા જણાવવામાં આવે છે.

**સહી**
**(ડાં. ઈ.મ. પટેલ)**
સંયુકત શિક્ષણ નિયામક
૧૯–૧–૨, ખાસ ઘટક, અમદાવાદ.

## ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) – નિયમો ૧૯૭૧
## ભવિષ્યની અસર સહિત ઈજાફો અટકાવવાની શિક્ષા કરતા પહેલાંનિયમ ૯ અને ૧૦ મુજબ તપાસ કરવા અંગે.

ગુજરાત સરકાર, સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : સીડીઆર–૧૦૯૨–૩૧૧–ખા.ત.
સચિવાલય, ગાંધીનગર, તા. ૨–૧૨–૯૫

**પરિપત્ર** : ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો ૧૮૭૧ ના નિયમ–૬ માં ઈજાફો અટકાવવાની શિક્ષાને “નાની શિક્ષા” તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આ નિયમોને નિયમ–૨ ની જોગવાઈ મુજબ નાની શિક્ષા કરતાં પહેલાં નિયમ–૯ અને ૧૦ માં ઠરાવેલી તપાસની પ્રક્રિયા અનુસરવી ફરજિયાત નથી. પરંતુ શિસ્તઅધિકારીને જરૂર જણાય તે કિસ્સામાં જ નિયમ ૯ અને ૧૦ મુજબની તપાસની સંપૂર્ણ પ્રક્રિયા અનુસરવાની રહે છે.

(૨) તાજેતરમાં સર્વોચ્ચ અદાલતે એસ. એસ. સી. એ. ૨૯૬૦/૧૯૮૭ માં શ્રી કલવંતસિંહ ગી વિરુધ્ધ પંજાર રાજયના કેસમાં ઠરાવ્યુ છે કે “ ભવિષ્યની અસર સહિત ઈજાફા અટકાવવાની શિક્ષાને નિયમોમાં નાનસ શિક્ષા તરીકે વર્ગીકૃત કરવામાં આવી હોય પરંતુ હકીકતમાં તે શિક્ષાની અસર પગારધોરણમાં નીચલા તબકકે ઉતારવાની મોટી શિક્ષા અસર જેવી જ હોય. ભવિષ્યની અસર સહીત ઈજાફો અટકાવવાની કાર્યવાહી/ પ્રક્રિયા અનુસરવી જોઈએ. પહેલાં ભારે શિક્ષા કરવા અંગેની કાર્યવાહી/પ્રક્રિયા અનુસરવી જોઈએ.

(૩) સર્વોચ્ચ અદાલતના ઉપર્યુકત ચુકાદા અન્વયે ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમ ૭૧ માં સુધારો કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ છે.

દરમ્યાનમાં કોઈપણ કેસમાં ભવિષ્યમાં અસર સહિત ઈજાફો અટકાવવાની શિક્ષા કરતાં પહેલાં ગુજરાત રાજય સેવા (શિસ્ત અને અપીલ) નિયમ ૭૧ ના નિયમ ૯ અને ૧૦ માં નિર્દિષ્ટ તપાસની સંપૂર્ણ પ્રક્રિયા/ કાર્યવાહી અચૂકપણે અનુસરવા સર્વે શિસ્તઅધકારીઓને આથી સૂચના આપવામાં આવે છે.

(૪) સચિવાલયના દરેક વિભાગમાં તેમ જ ખાતાં / કચેરીના વડાની કચેરીઓમાં ઉપરોકત સૂચનાનુ ચુસ્તપણે પાલન થાય તે જોવા સચિવાલયના દરેક વિભાગ તેમજ ખાતા / કચેરીનાં વડા ખાસ અનુરોધ છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રી ના હુકમથી અને તેમના નામે,

**સહી, એચ.એમ.વૈષ્ણવ**
નાયબ સચિવ
સામાન્ય વહીવટ, ગુજરાત સરકાર

**નોંધ :** આચારસંહિતા બહાર પડી ગયા પછી સુપ્રીમ કોર્ટના એક ચુકાદાની રાજય સરકારને જાણ થતાં ઉપરોકત પરિપત્ર રાજયપાલશ્રીના સહી સાથે તત્કાલ પાડેલ છે.

# <u>અરજી પત્રકનો નમૂનો</u>

પ્રેષક :

પુરેપુરુ નામ : ..........................

સરનામુ :..............................

તારીખ :

પ્રતિ,

પ્રમુખશ્રી / આચાર્યશ્રી

...................

...................

શાળાનુ પુરું નામ/સરનામું/પિનકોડ સાથે)

વિષય :.................................ના શિક્ષકની સ્થાનપૂર્તિ માટે ઉમેદવારી નોંધાવવા અંગે.

**આદરણીયા સાહેબ,**

સવિનય ઉપરોકત વિષયના અનુસંધાનમાં આપની.................ના દૈનિક પત્ર...... માં પ્રસિઘ્ઘ થયેલી જાહેરાતના અનુસંધાનમાં હું ઉપરોકત જગ્યા ઉપર મારી ઉમેદવારી નોંધાવુ છું.

૧. **વ્યકિતગત પરિચય :**

પુરું નામ :........................................................

સરનામું :.........................................................

જન્મતારીખ :.....................................................

જાતિ :..............................................................

(એસ.ટી./એસ.સી. બક્ષી જો હોય તો જણાવવું )

**૧. શૈક્ષણિક લાયકાત :**

| ડીગ્રી | બોર્ડ/યુનિ. | વર્ષ | મેળવેલ ગુણ | કુલ ગુણ | ટકા |
|---|---|---|---|---|---|
| **ધોરણ–૧૨** | | | | | |
| **જૂની એસ.એસ.સી.** | | | | | |
| **સ્નાતક કક્ષા** | | | | | |
| **વ્યવસાય સ્નાતક** | | | | | |
| **અનુસ્નાતક** | | | | | |

**૩. અન્ય વધારાની ડીગ્રી હોય તો**

(૧)

(૨)

(૩)

અન્ય બિડાણ ....................

અરજદારની સહી

.............................................................................

**ઉદ્યોગ શિક્ષક/ વાણિજય શિક્ષકોને વર્કલોડ પૂરો કરવા માટે કમ્પ્યુટર વિષયના તાસ ફાળવવા અંગે.**

ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મઉમશબ/ગ/ટિ–૬/૭૪૮૫/૭૫૪૪
સેકટર ૧૦ બી, જૂના સચિવાલય પાસે, ગાંધીનગર, તા. ૧૪–૭–૨૦૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ),
ગુજરાત રાજય,

**વિષય : ઉદ્યોગ શિક્ષક/ વાણિજય શિક્ષકોને કમ્પ્યુટર વિષયના તાસ ફાળવવા બાબત...**

**સંદર્ભ :** (૧) બોર્ડની તા. ૨૮–૯–૨૦૦૪ ની કારોબારી સમિતિનો ઠરાવ : ૩૦૨/૨૦૦૪

ઉપરોકત વિષય સબંધમાં જણાવવાનુ કે રાજયમાં નોંધાયેલ બિનસરકારી/ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પૈકી અમુક શાળાઓમાં ઉદ્યોગ શિક્ષક/ વાણિજય શિક્ષકોનો તેમના વિષયનો વર્કલોડ પૂરો થતો ન હોવાનુ બોર્ડના ધ્યાન પર આવેલ છે.

રાજયની અમુક માધ્યમિક શાળાઓમાં ટાઈપરાઈટીંગ અને સ્ટેનો વિષય માટે નિમણૂક પામેલ વાણિજય શિક્ષકોનો ટાઈરાઈટીંગ જેવા વિષય બંધ થવાથી વર્કલોડ પૂરો થતો ન હોવાનુ બોર્ડના ધ્યાન પર આવેલ છે. ઉદ્યોગ શિક્ષકો કે જેઓને તેમના વિષયનો વર્કલોઠ પૂરો થતો ન હોય તેવા શિક્ષકો ને તેમની શાળાના માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કમ્પ્યુટર વિષયના તાસ ફાળવણીનુ બોર્ડની સંદર્ભદર્શિત કારોબારી સમિતિમાં નકકી કરવામાં આવેલ છે. આ માટે શિક્ષકોને તાસ ફાળવણી કરતાં પહેલાં જે તે ધોરણની કમ્પ્યુટર વિષયની બોર્ડ માન્ય કરેલ સંસ્થામાં જરૂરી તાલીમ મેળવી લેવાની ફરજિયાત રહેશે. ઉકત જોગવાઈ ઉદ્યોગ શિક્ષક/ વાણિજય શિક્ષકોને વર્કલોડ પૂરો કરવા માટે જ કરવામાં આવે છે. તેથી આ જોગવાઈના આધારે કોઈ વધારાના શિક્ષકની માગણી કરી શકાશે નહીં. આ પરિપત્રની જાણ આપના તાબા હેઠળની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓને કરવા જણાવવામાં આવે છે.

**સહી, વી. બી. નાણાવટી**
સચિવ, ગુજરાત મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ

..............................................................................

રજા પ્રવાસ/ વતન પ્રવાસ રાહતની
સવલતમાં હવાઈ પ્રવાસને મંજુરી બાબત.

ગુજરાત સરકાર
**નાણા વિભાગ**
ઠરાવ ક્રમાંક : મસભ–૧૦૨૦૦૮–૧૦૬૫(૧)–ચ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨૧–૫–૨૦૦૮

**વંચાણે લીધા :**

(૧) ના.વિ. ના ઠરાવ ક્રમાંક : મસભ–૧૦૨૦૦૭–૧૦૬૫–ચ,તા.૮–૬–૨૦૦૭
(૨) ના.વિ. ના ઠરાવ ક્રમાંક : મસભ–૧૦૨૦૦૮–૧૦૬૫–ચ,તા.૨૮–૪–૨૦૦૮

## ઠરાવ

નાણા વિભાગના તારીખ : ૮–૬–૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક : મસભ–૧૦૨૦૦૭–૧૦૬૫–ચ, અન્વયે રાજય સરકાર ધ્વારા રાજયના કર્મચારી/અધિકારીશ્રીઓને રજા પ્રવાસ રાહત/

વતન પ્રવાસ રાહતની સવલત પુનઃ શરૂ કરવામાં આવેલ છે. આ ઠરાવના ફકરા–૪ માં નીચે મુજબની જોગવાઈ કરાયેલ છે.

" રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતનો લાભ ફકત રેલ્વે તેમજ જે તે સરકારી પરિવહનની બસો ધ્વારા જ મેળવી શકાશે. અન્ય પરિવહન સેવાઓ મારફત કરેલ પ્રવાસ માન્ય રહેશે નહીં."

આ જોગવાઈમાં નીચે મુજબનો ઉમેરો કરવામાં આવે છે.

રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહતની સવલત મેળવનાર કોઈપણ કર્મચારી/ અધિકારી નેશનલ તેમજ ખાનગી વિમાન ધ્વારા હવાઈ મુસાફરી કરી શકશે, પરંતુ તેને જે વર્ગનુ રેલ્વે ભાડું મળવાપાત્ર થતુ હશે તે અને હવાઈ પ્રવાસના ખરેખર ખર્ચ એ બે પૈકી જે ઓછું હોય તેટલી જ રકમ મંજુર કરવાપાત્ર થશે. હવાઈ મુસાફરી કરનાર કર્મચારી/ અધિકારીઓએ બીલની સાથે હવાઈ મુસાફરીની મૂળ ટીકીટ તેમજ બોર્ડીંગ પાસ રજુ કરવાના રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(જે.એસ.ત્રિવેદી)**
સેકશન અધિકારી,
નાણા વિભાગ